# —:— જાહેરાત—:—

આથી સબંધકર્તા તમામ આસામીઓને જાણ કરવામા આવે છે કે, પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, દલખાણીયા રોડ,ધારી ખાતે રદબાતલ થયેલ જીપપીઝોટ(મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા) GCA0032 ના નિકાલ માટે સ્ક્રેપ તથા વાહન લે–વેચ વ્યવસાય સાથે સંકળાયેલ પાર્ટીને જણાવવામાં આવે છે કે, જાહેર હરરાજી આગામી **તા.૦૭/૧૨/૨૦૨૩**ના રોજ નીચે જણાવેલ સમયે અને સ્થળે રાખવામા આવેલ હોય હરરાજીમા ભાગ લેવા રસ ધરાવતા આસામીઓએ હરરાજી સમયે હાજર રહેવા આથી જાણ કરવામા આવે છે.

હરરાજી અંગેની તમામ શરતો હરરાજી સમયે રૂબરૂમા વાંચી સંભળાવવામા આવશે.

હરરાજીમા બોલી બોલનારે રૂા.૧૫૦૦/–(અંકે રૂપિયા પંદરસો પુરા)બોલી બોલવા માટે ડીપોઝીટ પેટે ભરવાના રહેશે.

| હરરાજીનું સ્થળ | હરરાજીની વિગત | હરરાજીનું સ્ક્રેપ જીપ જોવાનો સમય (રજાના દિવસો સિવાય) | હરરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, દલખાણીયા રોડ,ધારી | જીપપીઝોટ સ્ક્રેપ (મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા) GCA0032 | ૦૯–૦૦ થી ૧૧–૩૦<br>૧૫–૩૦ થી ૧૭–૩૦ | તારીખ:<br>**તા.૦૭/૧૨/૨૦૨૩**<br>સમય ૧૦–૩૦ થી હરરાજી પુર્ણ થાય ત્યા સુધી |

ધારી

તારીખ:૨૨/૧૧/૨૦૨૩

આચાર્ય
પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી
ધારી (જી.અમરેલી)

જાનં.જુકૃયુ/પોઈનએ/ટેક–૭/સ્ક્રેપ જીપપીઝોટ હરરાજી/૮૯૯-૯૦૦/૨૩ ધારી તારીખ:૨૨/૧૧/૨૦૨૩
નકલ સવિનય રવાના:

(૧) સંશોધન નિયામકશ્રી,જુ.કૃ.યુ.,જુનાગઢ તરફ જાણ તેમજ હરરાજી સમયે હાજર રહેવા જાણ થવા વિનંતીસહ
(૨) આચાર્ય અને ડીનશ્રી, કૃષિ મહાવિધાલય, જુ.કૃ.યુ.,જુનાગઢ તરફ જાણ તેમજ હરરાજી સમયે હાજર રહેવા જાણ થવા વિનંતીસહ

**નકલ જયભારત સાથ રવાના:**

(૧)સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ગૌચર સંશોધન કેન્દ્ર,જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, બગસરા રોડ, ધારી

**નકલ જયભારત સાથ રવાના તેમજ બહોળી પ્રસિધ્ધિ અર્થે:**

૧: નિયામકશ્રી,આઈ.ટી.સેલ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી,જુનાગઢ તરફ જાણ તેમજ બહોળી પ્રસિધ્ધિ અર્થે વેબ સાઇડમાં પ્રસિધ્ધિ કરવા સારુ.
૨: નોટીસબોર્ડ.. મામલતદારશ્રીની કચેરી,ધારી
૩: નોટીસબોર્ડ.. તાલુકા પંચાયત કચેરી,ધારી
૪: નોટીસબોર્ડ.. ગ્રામ પંચાયત કચેરી,ધારી
૫: નોટીસબોર્ડ.. ફળ–ઝાડ રોપા ઉછેર કેન્દ્ર,ધારી
૬: નોટીસબોર્ડ.. ગ્રામ પંચાયત કચેરી,પ્રેમપરા,ધારી
૭: નોટીસબોર્ડ.. ગ્રામ પંચાયત કચેરી,લાઈનપરા,ધારી
૮: નોટીસબોર્ડ.. ગ્રામ પંચાયત કચેરી,નબાપરા,ધારી
૯: નોટીસબોર્ડ.. ગ્રામ પંચાયત કચેરી,વેકરીયા,ધારી
૧૦: નોટીસબોર્ડ.. ગ્રામ પંચાયત કચેરી,હરીપરા,ધારી

**તા.૦૭/૧૨/૨૦૨૩** ના રોજ રાખવામા આવેલ સ્ક્રેપ જીપ જીપપીઝોટ (મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા) GCA0032 ની રાખવામા આવેલ જાહેર હરરાજીની શરતો...

---

૧. જાહેર હરરાજીમાં માંગણી કરનાર ઈસમ પુખ્ત અને સ્વસ્થ હોવો જોઈએ.

૨. માલ જે તે જગ્યાએ અને જે સ્થિતિમા હશે તે જ સ્થિતિમા લેવાનો રહેશે.

૩. હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ બોલી બોલવા માટે રૂપિયા ૧૫૦૦/– ની ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. તે પછી જ તે ઈસમ બોલ બોલી શકશે. જયારે જેના બોલ નામંજુર થશે તેવા ઈસમોની ડીપોઝિટ હરરાજીની કામગીરી પુર્ણ થતા તુરત પરત કરવામાં આવશે.

૪. હરરાજીની માગણી માન્ય રાખવી કે નહી તેની સંપુર્ણ સતા હાજર રહેનાર યુનિવર્સિટી અધિકારીશ્રીઓની કમીટીની રહેશે.

૫. હરરાજીની શરતો વાંચી સમજી કે સાંભળીને કબુલ રાખીને જ હરરાજીમાં માગણી કરવાની રહેશે.

૬. હરરાજીમાં છેલ્લો બોલ બોલનાર ઈસમોએ હરરાજીનો માલ **બે દિવસ** સુધીમા ઓફીસ સમય દરમ્યાન પોતાના ખર્ચે લઈ જવાનો રહેશે. ત્યારબાદ અત્રેની કચેરીની કોઈ જવાબદારી રહેશે નહી.માલ સમય મર્યાદા મા ઉપાડવામા નહી આવે તો ડીપોઝીટની રકમ જપ્ત કરવામા આવશે.

૭. ઉપરોકત બાબતો સિવાય કોઈ વાંધો કે તકરાર ઉભી થાય તો નીચે સહી કરનાર અધિકારીશ્રી જે નિર્ણય આપે તે આખરી અને માન્ય રહેશે.

૮. માલ જે તે સ્થળે અને જે તે સ્થિતિમાં છે તે જોઈ તપાસી બોલ બોલવાનો રહેશે અને તે જ સ્થિતિમાં માલ ઉપાડવાનો રહેશે તેમજ માલ ઉપાડતી વખતે યુનિવર્સિટીનાં અન્ય કોઈ માલ મિલકતને નુકશાન ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

૯. હરરાજી પુર્ણ થયા બાદ કોઈ આસમાની સુલતાની (વાવાઝોડુ કે વરસાદ અન્ય કંઈ પણ) માલને નુકશાન થાય તો તેની જવાબદારી આ કચેરીની રહેશે નહી.

૧૦. હરરાજીમાં લીધેલ માલઅંગે જે કંઈ કર, જકાત વગેરે લાગતા હશે તે તમામ કર માલ લેનાર ઈસમોએ ભોગવવાનો રહેશે.

૧૧. રૂપિયા–૧૦૦ના સ્ટેમ્પમાં બાહેંધરી આપવાની રહેશે. જે કચેરીપરથી મેળવી લેવાની રહેશે.

૧૨. સરકારશ્રીના ઈ–વેસ્ટના પ્રવર્તમાન નિતી–નિયમોનુંસાર તેનો નિકાલ કરવાનો રહેશે.

સ્થળ :– ધારી

તારીખ :– ૨૨/૧૧/૨૦૨૩